**ધો-૧૦ અને ૧૨ માં રાજ્ય કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જનજાતિના પ્રથમ આવનાર વિધાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવાની યોજનાની રકમમાં વધારો કરવાની નવી બાબતને વહીવટી મંજુરી આપવાબાબત. (માંગણી ક્રમાંક-૯૩)**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ **TDD/SXN/e-file/25/2023/0209/G Section**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ શક્ષણ/૨૦૧૩/ન.બા.૪/ગ
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૧/૧૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ શક્ષણ/૨૦૧૩/ન.બા.૩/ગ

(૩) નિયામકશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૦૩/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંકઃ DOTD/ARM/e-file/242/2023/0133/ Education

**આમુખ:**

ઉપરોક્ત વંચાણે લીધેલક્રમાંક (૧) અને (૨) સામેના ઠરાવથી અનુસૂચિત જનજાતિના જિલ્લાકક્ષા તથા રાજ્યકક્ષાએ ધો-૧૦ અને ૧૨ માં પ્રથમ ૧ થી ૩ ક્રમે આવનાર વિધાર્થીઓને પ્રોત્સાહક ઈનામની રકમ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમાંક(૩) સામેના પત્રથી નિયામકશ્રી(આ.વિ.)ની કચેરીએ અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓમાં શૈક્ષણિક સ્પર્ધાત્મકતા કેળવાય તથા વધુમાં વધુ વિધાર્થીઓ શૈક્ષણિક વિકાસ સાધી શકે તે માટે તેઓને પ્રોત્સાહન મળી રહે તેથી આ ઇનામોની રકમમાં વધારો કરવો જરૂરી હોઇ, ધો-૧૦ અને ૧૨ માં રાજ્યકક્ષા તથા જિલ્લાકક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમે આવનાર અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને ઈનામ આપવાની યોજનાના દરમાં વધારો કરવાની અંગેની નવી બાબતને વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વક વિચારણાને અંતે, અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓમાં શૈક્ષણિક સ્પર્ધાત્મકતા કેળવાય તથા વધુમાં વધુ વિધાર્થીઓ શૈક્ષણિક વિકાસ સાધી શકે તે માટે તેઓને પ્રોત્સાહન મળી રહે તેથી આ ઇનામોની રકમમાં વધારો કરવો જરૂરી હોઇ, ધો-૧૦ અને ૧૨ માં રાજ્યકક્ષા તથા જિલ્લાકક્ષાએ પ્રથમ ૧ થી ૩ ક્રમે આવનાર અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને ઈનામ આપવાની યોજનાના સંદર્ભ દર્શિત ઠરાવો(૧) અને (૨)થી નક્કી કરવામા આવેલ પ્રવર્તમાન દરમાં વધારો કરી નીચે જણાવ્યા મુજબની ઇનામની રકમ નક્કી કરવામા આવે છે અને તે અંગે થનાર વધારાના ખર્ચની રૂ.૬.૪૦/- લાખની નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવે છે:

| ઈનામનો ક્રમ (જિલ્લાકક્ષા) | ધોરણ૧૦ માં- | ધોરણ૧૨માં - (દરેક પ્રવાહમાં) |
|---|---|---|
| પ્રથમ | ૧૫૦૦૦/- | ૧૫૦૦૦/- |
| દ્રિતીય | ૧૧૦૦૦/- | ૧૧૦૦૦/- |
| તૃતીય | ૯૦૦૦/- | ૯૦૦૦/- |

| ઈનામનો ક્રમ (રાજ્ય કક્ષા) | ધોરણ૧૦-માં | ધોરણ૧૨માં- (દરેક પ્રવાહમાં) |
|---|---|---|
| પ્રથમ | ૫૧૦૦૦/- | ૫૧૦૦૦/- |
| દ્રિતીય | ૪૧૦૦૦/- | ૪૧૦૦૦/- |
| તૃતીય | ૩૧૦૦૦/- | ૩૧૦૦૦/- |

**શરતોઃ**

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, આ.વિ.એ રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ જિલ્લા કક્ષાએ મદદનીશ કમિશનરશ્રી/આદિજાતી વિકાસ અધિકારીશ્રીની કચેરી તથા રાજ્ય કક્ષાએ નિયામકશ્રી, આ.વિ.ની કચેરી મારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ(GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી "ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate)" મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.
6. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરેDBT પદ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M. Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચમાંગણી ક્રમાંક-૯3 આયોજન, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: ૪-વી.કે.વાય-૭ ઉચ્ચ ગુણવતાવાળુ ઉચ્ચ શિક્ષણ આપવા માટેની યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરેલી જોગવાઇઓમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૯/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(ડી. એલ. પરમાર)**

**સંયુક્ત સચિવ**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**પ્રતિ,**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.